# ચૂંટણી પૂર્વે ગુજરાતમાં થર્ડ ફ્રન્ટનાં એંધાણ

## ત્રીજા મોરચા અંગે કંઇ કહેવું વહેલું છે, અમે પ્રજાનો ભય દૂર કરી શકાય પ્રયાસો કરી રહ્યા છીએ : સુરેશ મહેતા

(વિશેષ પ્રતિનિધિ)
ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજકારણમાં ૧૪ વર્ષના વનવાસ પછી ફરી એકવાર મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ આ ફ્રન્ટના ફાઉન્ડર બનશે.

ભાજપ લઘુમતિ સેલના અભ્યાસવર્ગમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી લઘુમતિઓને સાથે લઈને સૌનો વિકાસ કરવાનો નારો આપી રહ્યાં હતા ત્યારે કેશુભાઈ પટેલના સેક્ટર-૧૯ સ્થિત બંગલા નંબર-૧૨માં સરકાર વિરોધી જૂથના કોર કમિટીના સભ્યોની એક બેઠક નિયત કરવામાં આવી હતી જેમાં પ્રથમવાર ભાજપના બે સિનિયર આગેવાનો કેશુભાઈ પટેલ અને કાશીરામ રાણા ખુલીને બહાર આવ્યા હતા.

બે કલાકની મંત્રણા પછી પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ પત્રકારોને જણાવ્યું હતું કે ગુજરાતમાં ૧૯૯૫ અને ૧૯૯૮માં ૨૦૦૧ સુધી કેશુભાઈનું જે રાજ્ય હતું તે પ્રેમનું રાજ્ય હતું પણ અત્યારે છેલ્લા ૧૦ વર્ષથી ભયનું રાજ્ય છે. આ સરકારમાં રાજ્યની પ્રજા ભયભીત બની છે. આ ભય દૂર કરવા અમે મેદાનમાં આવ્યા છીએ.

ભાજપના અભ્યાસવર્ગમાં પાર્ટીના પુરુષોત્તમ રૂપાલાએ મતદારોને રિઝવવા માટે ઉચ્ચારેલા શબ્દો અંગે ભારતના ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરી સુરેશ મહેતાએ કહ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી પંચે અત્યાર થી જ આચારસંહિતા લાગુ કરી દેવી જોઈએ.

સુરેશ મહેતાને પૂછવામાં આવ્યું હતું કે તમે જે આગેવાનો એકત્ર થયા છો તો શું ચૂંટણી પહેલાં ગુજરાતમાં નવો કોઈ પક્ષ અસ્તિત્વમાં આવી રહ્યો છે તેવા

● અનુસંધાન પાન-૫ પર

### ગુજરાતમાં ત્રીજી શક્તિને સફળતા ક્યારેય મળી નથી

ગુજરાતનો રાજકીય ઈતિહાસ જોઈએ તો જીવરાજ મહેતા થી લઈને કેશુભાઈ પટેલ સુધીની સરકારમાં બળવા થયા છે. નરેન્દ્ર મોદી સામે અસંતોષ પ્રથમવાર છે તેવું નથી. ૨૦૦૧માં ગાદી સંભાળ્યા પછી નરેન્દ્ર મોદી માટે ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી અસંતુષ્ટ પ્રવૃત્તિઓ કાર્યરત રહી હતી પરંતુ હાઈકમાન્ડના કડક વલણના કારણે ટકી શકી નથી.

છેલ્લા બે દાયકાની સ્થિતિ તપાસીએ તો ૧૯૯૦માં ચીમનભાઈ પટેલે જનતાદળ (ગુજરાત)ની સ્થાપના કરી હતી. તેઓ એકલા હાથે સત્તા મેળવી શક્યા ન હતા. ત્યારબાદ ૧૯૯૭માં શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રીય જનતા પાર્ટી (રાજપા) બનાવી હતી પરંતુ વિધાનસભાની ચૂંટણીમાં કરૂણ રકાસ થયો હતો. ગોરધન ઝડફિયાએ હવે મહાગુજરાત જનતા પાર્ટી (એમજેપી) બનાવી છે તેમાં પણ કોઈ પ્રોગ્રેસ ન હોવાથી આ પાર્ટીએ કેશુભાઈ પટેલનું શરણું લીધું છે.

થર્ડફ્રન્ટના એંધાણ વર્તાઈ રહ્યાં છે. આ ફ્રંન્ટમાં ભાજપનું જ એક જૂથ જોડાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. રાજ્યમાં નરેન્દ્ર મોદી સામે પડકાર ઉભો કરનાર ભાજપના પૂર્વ



### કેશુભાઈના જન્મદિવસે સંજય જોષીને ગાંધીનગર બોલાવાશે

ગુજરાતમાં જેમના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે તેવા ભાજપ અને સંઘના નેતા સંજય જોષીને અમે કેશુભાઈ પટેલના જન્મદિન ૨૪મી જુલાઈએ ગાંધીનગરમાં બોલાવવાના છીએ તેવું કહી સુરેશ મહેતાએ કહ્યું કે અમારી બેઠકમાં સંજય જોષી અંગે પણ ચર્ચા થઈ છે. તેમના માટે જે વલણ દાખવવામાં આવ્યું છે તે જોતાં એવું લાગે છે કે સંઘ અને ભાજપનું હાઈકમાન્ડ પણ ભયભીત છે.

સંજય જોષીને ગુજરાતમાં ટ્રેન માર્ગે નહીં આવવા દેવા એ સ્થિતિ અતિ ગંભીર ગણી શકાય તેમ છે. ગુજરાતમાં બગડેલી આ સ્થિતિ અંગે કંઈક વિચારવું પડશે, કારણ કે સંજય જોષીને ગુજરાત પ્રત્યે અને ભાજપના કાર્યકરોને સંજય જોષી પ્રત્યે અદમ્ય લગાવ છે.

કેશુભાઈના બંગલે બપોરના સાડા ત્રણ વાગ્યે મળેલી બેઠકમાં કેશુભાઈ પટેલ ઉપરાંત કાશીરામ રાણા, ભાસ્કરરાવ દામલે, કે.ડી.જેસ્વાણી, ફકીર ચોહાણ અને સુરેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

**કેશુભાઇ પટેલના બંગલે મળેલી બેઠકમાં કાશીરામ રાણાની પણ ઉપસ્થિતિ, સુરેશ મહેતા અને ઝડફિયાએ મોરચો સંભાળ્યો**

# એસ. ટી. બસે ઓછું અંતર કાપ્યું ને છતાં પાંચ લાખની આવક વધી

## ગત એપ્રિલની સાપેક્ષમાં ટ્રાફિક વધુ મળ્યો સલામત સવારીમાં મુસાફરોની સંખ્યા વધી

ગાંધીનગર, તા. ૩૦

એસ.ટી.ની સલામત સવારી એવી બસે ગત વર્ષની સાપેક્ષમાં એપ્રિલ મહિનામાં ૧.૧૦ લાખ કિ.મી. ઓછું અંતર કાપીને પણ ૫.૯૧ લાખની વધુ આવક મેળવી હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. જો કે આ સ્થિતિમાં સતત થતા પેટ્રોલ ભાવવધારાના લીધે ખાનગી ટ્રાન્સપોર્ટેશનથી દૂર રહેતા મુસાફરોએ એસટી.માં સફર કરવાનુ વિશેષ પસંદ કર્યું હોવાનુ પણ તારણ પ્રકાશમાં આવ્યું છે.

સતત પેટ્રોલમાં થતા ભાવ વધારાના લીધે દિનપ્રતિદિન ખાનગી વાહનોમાં પરિવહન કરવાનું આમ નાગરિકો માટે મુશ્કેલ બન્યું છે. માટે જ ગત વર્ષની સાપેક્ષમાં આ વખતે વેકેશનના સમયગાળામાં આમ નાગરિકોએ ખાનગી વાહનોના મોંઘેરી અને જોખમી મુસાફરી કરવાનુ વિશેષરૂપે ટાળ્યું હોવાનું ધ્યાન આવ્યું છે. એપ્રિલ-૨૦૧૧ દરમિયાન ગાંધીનગર ડેપો દ્વારા ૭૬૨૭૫૫ કિ.મી. બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેની સામે એસ.ટી. તંત્રએ ૮૮.૬૭ લાખ આવક પ્રાપ્ત કરી હતી. જ્યારે એપ્રિલ-૨૦૧૨માં ૬૫૨૧૦૨ કિ.મી. સંચાલન સામે તંત્રએ ૯૪.૫૮ લાખની આવક પ્રાપ્ત કરી છે. ગત એપ્રિલ મહિનાની સાપેક્ષમાં ૧.૧૦ લાખ કિ.મી. ઓછા સંચાલનના અંતે પણ એસ.ટી. તંત્રને ૫.૯૧ લાખની આવક વધુ થઈ છે. જો કે આ રૂટ સંચાલનમાં લગ્નવર્ધીની આવક પણ સામેલ છે. આમ છતા સતત ભાવવધારાના લીધે આમનાગરિકો માટે ખાનગી વાહનોમાં પરિવહન કરવાનું ખર્ચાળ બનતા સલામત સવારી અપનાવાનો અભિગમ વધુ મજબૂત બન્યો હોવાનું પણ મનાઈ રહ્યું છે.

### રાજ્યના કર્મચારીઓના જીપીએફ પર ૮.૬ ટકા વ્યાજ અપાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકારના કર્મયોગીઓના સામાન્ય ભવિષ્ય નિધિની રકમ પરનો વ્યાજ દર ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ના વર્ષમાં અનુક્રમે ૮ ટકા તેમજ ૮.૬ ટકા કરવાનો રાજ્ય મંત્રીમંડળ નિર્ણય કર્યો છે.

તદ્‌અનુસાર, રાજ્ય સરકારના કર્મયોગીઓ માટે તા. ૧ એપ્રિલ-૨૦૧૦થી તા. ૩૦ નવેમ્બર-૨૦૧૧ સુધી સામાન્ય ભવિષ્યનિધિ ઉપર ૮ ટકા વ્યાજ મળશે તથા તા. ૧ ડિસેમ્બર-૨૦૧૧થી તા. ૩૧ માર્ચ ૨૦૧૨ સુધી આ દર ૮.૬ ટકાનો રહેશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે રાજ્ય સરકાર દ્વારા કર્મયોગીઓના સામાન્ય ભવિષ્યનિધિ પર વ્યાજ આપવા માટે ભારત સરકાર દ્વારા નક્કી કરેલ વ્યાજ દરને આધાર તરીકે લઈને, પ્રતિવર્ષ આ વ્યાજ દર નક્કી કરવામાં આવે છે તે જ ધોરણે, રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ માટે આ વ્યાજ દર નિર્ધારીત કર્યો છે.

# આખરે ચરેડી ટાંકીને વીજ જોડાણ આપવા અંગેનું કોકડું ઉકેલાયું

## ઉર્જા વિભાગના અધિકારીઓ અને મહામંડળની મધ્યસ્થિમાં ટોરેન્ટ વીજ જોડાણ આપવા આખરે સહમત : જૂના સેક્ટરોમાં ટુંકમાં એક જ સમયે પાણીનો કોમન સપ્લાય અપાશે

ગાંધીનગર, તા. ૩૦

સે. ૨૮માં સ્થિત ચરેડી ટાંકીને વીજ જોડાણ આપવાના મામલે લાંબા સમયથી ગુંચવાયેલું કોકડું આખરે ઉકેલાયું છે. ચરેડી ટાંકીને વીજ જોડાણ આપવા ટોરેન્ટ પાવરે ખાત્રી આપતા હવે ટુંક સમયમાં નગરના સે. ૧૬ થી ૩૦ માં એક જ સમયે પાણીનો કોમન સપ્લાય આપવાની વ્યવસ્થા ગોઠવાશે.

શહેર અસ્તિત્વમાં આવ્યું ત્યારથી નગરમાં પાણીની જરૂરીયાત સંતોષવા ચરેડી પાણીની ટાંકીમાંથી સપ્લાય આપવામાં આવે છે. જ્યારે નગરના વિકાસની સાથે વધતી વસતીને અનુલક્ષી પાણીની વ્યવસાયને પહોંચી વળવા ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જરૂરી વીજ જોડાણ મેળવવા રૂ. એક કરોડ જેટલી રકમ ટોરેન્ટ પાવર કંપનીને ૬ મહિના પૂર્વે ચુકવી દેવામાં આવી હતી. આમ છતાં ચરેડી ટાંકીને વીજજોડાણ ન મળતા જૂના સેક્ટરોમાં એક જ સમયે પાણીનો કોમન સપ્લાય આપવાની વાત લાંબા સમયથી અધ્ધરતાલ રહી હતી. આ સ્થિતિને નિવારવા ઉર્જા વિજ્ઞાનના અગ્ર સચિવ ડી.જી. પાંડ્યન તેમજ માર્ગ મકાન વિભાગના અગ્ર સચિવ શ્રી રાઠોડ સહિતના અધિકારીઓની ટોરેન્ટ પાવરના એમ.ડી.ની ઉપસ્થિતિમાં એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા તેમજ સુધીર દેસાઈ સહિતના પ્રતિનિધિઓએ મધ્યસ્થિના પ્રયાસો હાથ ધરી પાણી જેવી આવશ્યક સેવામાં વધુ વિલંબ ન થાય તે માટે ચર્ચા હાથ ધરી હતી. જેના અંતે ટોરેન્ટ પાવરે ટૂંકમાં વીજ-જોડાણ આપવાની ખાત્રી આપી હતી. જેથી હવે લાંબા સમયના અંતે નગરના જૂના સેક્ટરોમાં એક જ સમયે પૂરતા ફોર્સથી પાણી આપવાની વ્યવસ્થા ઝડપભેર ગોઠવી શકાશે. ટોરેન્ટ પાવરના હકારાત્મક અભિગમને બિરદાવી મહામંડળે કંપનીના એમ.ડી. સહિત અધિકારીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

# જાગો વાલી જાગો

અહીં R.T.I. (Right To Information Act - 2005) હેઠળ મેળવેલ માહિતી દ્વારા ગાંધીનગરમાં ધોરણ-૧૧-૧૨ સાયન્સ (ગુજરાતી મિડીયમ) ચલાવતી કેટલીક નામાંકિત સેલ્સ ફાઈનાન્સ શાળાઓના **સેમીસ્ટર-૧** ઓક્ટોબર-૨૦૧૧ના રીઝલ્ટ દ્વારા કરેલ સર્વે મુજબ કેટલાક સત્યો.

| શાળાનું નામ | ૮૦ કે તેથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | | | | ૩૦૦માંથી ૨૪૦ (૮૦%) કે તેથી વધુ ગુણ ધરાવતાં વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | Chem. | PHY. | MATHS | BIO. | |
| સ્કૂલ ઓફ એચિવર | 27 | 53 | 96 | 82 | 62 |
| વેદ ઈન્ટરનેશનલ | 21 | 15 | 63 | 16 | 26 |
| ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ | 05 | 09 | 40 | 16 | 13 |
| ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ | 06 | 11 | 47 | 26 | 10 |

જો આ માહિતી ખોટી જણાય તો જે તે શાળા વિદ્યાર્થીના ફોટો, નામ અને માર્કસ સહિત સાત (૭) દિવસમાં ખુલાસો આપે.

**જનહિતમાં જારી (જય હિંદ, જય ભારત)**











ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com